નારીઓનું—

નિત્ય વાંચન.

લેખક, તથા પ્રકાશક,

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

રાજકોટ (કાઠિયાવાડ)

પ્રત ૧૫૦૦,

કિંમત બે આના. —

નારીઓનું નિત્ય વાંચન.

([illegible] આવૃત્તિ)

લેખક તથા પ્રકાશક,
નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, ટાઇપિસ્ટ,
રાજકોટ–(કાઠીયાવાડ).

વિ. સંવત ૧૯૭૦. સને ૧૯૧૩.

ધી ગુજરાત પ્રીન્ટીન્ગ પ્રેસ–અમદાવાદ,
માં શા. સોમાલાલ મંગળદાસે છાપી.

કિંમત બે આના.

હિન્દુ, મુસલમાન, પારસી તથા ગુજરાતી જાણનાર અંગ્રેજ બાનુ-
ઓમાં પ્રેમથી વંચાતાં તથા અનેક વિદ્વાનોએ, નામીચાં અંગ્રેજી,
ગુજરાતી પત્રોએ, કન્યાશાળાઓની હેડમિસ્ટ્રેસોએ, મેડી-
કલ ગ્રેજ્યુએટસોએ અતિ ઉચ્ચ અભિપ્રાય આપેલાં,
નિશાળોમાં ઇનામ આપવા તથા દરેક ઘરમાં
સંગ્રહ કરવા લાયક ગણાતાં પુસ્તકો
માટે આ પુસ્તકનાં પાછળનાં
પાનાં વાંચો

અર્પણ પત્રિકા.

સ્ત્રીઓમાં નીતિ, જ્ઞાન અને આરોગ્ય ફેલાવનારાં

મ્હારી અલ્પમતિ અનુસાર પ્રકટ થતાં

પુસ્તકોને તન, મન અને ધનથી

વધાવી લઈ વહાલથી વાંચનારાં

ગુણગ્રાહી ભાઈ

બહેનોને.

નટવરલાલ.

પ્રસ્તાવના. (નવીન આવૃત્તિની)

આ પુસ્તકની બે આવૃત્તિઓની બધી નકલો ખપી ગઇ અને બહુ તરતમાંજ ત્રીજી આવૃત્તિ છપાવવાનો શુભ સંજોગ પ્રાપ્ત થયો તેથી પુસ્તકને ઉત્તેજન આપનારાં રાજ્યોનો તથા સ્નેહથી વાંચતી સન્નારીઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.

રા. જેકીશનદાસ રણછોડદાસ તજવીજદારે પોતાનાં સ્વર્ગસ્થ ધર્મપત્ની સૌ. જેકોરબાઇના સ્મરણાર્થે "ભેટ" તરીકે વેચવા આ પુસ્તક માટે માગણી કરતા તે માન્ય રાખતાં આનંદ થાય છે. પ્રાણાન્ત પર્યન્ત પતિ સેવામાં તલ્લીન રહેનાર પવિત્ર પત્નીનું નામ આવી રીતે જાગતી રાખવાની તીવ્ર લાગણી ધરાવનારો પતિ દરેક સ્ત્રીને મળો એજ પરમ કૃપાળુ સર્વ સમર્થ જગનિયંતા સર્વેશ્વર પાસે મ્હારી પ્રાર્થના છે.

આ "ત્રીજી આવૃત્તિ" પણ એટલાજ આવકારને પાત્ર થાઓ એજ અભિલાષા જે પરમ કૃપાળુ પરમેશ્વર સફળ કરો.

રાજકોટ.
વિ. સંવત ૧૯૭૦
નૂતન વર્ષ.

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

રા. જેકીશનદાસે પોતાનાં સ્વર્ગસ્થ પત્નીનાં લખી મોકલેલ જીવન-વૃતાન્ત ઉપરથી ટુંક નોંધ.

સૌ. જેકોરબાઈ કઠોર નિવાસી લલ્લુભાઇ રણછોડદાસનાં પુત્રી થાય તેમનું લગ્ન સને ૧૯૦૮ માં જેકીશનદાસ રણછોડદાસ સાથે થયું હતું. સૌ. જેકોરબાઇ સાસરે આવી સર્વને અતિ પ્રિય થઇ પડયાં હતાં. પિતાગૃહે ફક્ત ગુજરાતી પહેલી ચોપડી શીખેલાં પરંતુ વિદ્યા-પ્રિય પતિના મનનું વલણ સ્હમજી જઇ પોતે તેમની પાસેથી ટુંક સમયમાં સારી રીતે લખવા વાંચવાની શક્તિ સમ્પાદન કરી સ્ત્રી ઉપ-યોગી નીતિ—જ્ઞાનના ગ્રંથોની એક ન્હાનકડી લાયબ્રેરી ઘરમાં ગોઠવી દીધી હતી. ત્હેણીએ જે જે ગ્રથો વાંચ્યા હતા તેમાં મહાભારત, રામાયણ, નળાખ્યાન, સતી સાવિત્રી ચરિત્ર, ચંદ્રકાન્ત, બે બ્હેનોની વાતો, સંસારમાં સ્વર્ગ, સાચું સ્વર્ગ, સ્વર્ગનો ખજાનો, સૌભાગ્ય સંગીત સંગ્રહ, સૌભાગ્યશિક્ષાબ્ધિ ભાગ ૧—૨ આટલાં અતિ પ્રિય વાંચ-નનાં પુસ્તકો હતાં. સ્ત્રી હિતાર્થે પ્રકટ થતું સુન્દરી સુબોધ માસીક પણ ત્હેણીએ હર્ષથી નિયમીત વાંચવાનું ચાલુ રાખ્યું હતું. ટુંકામાં વય ન્હાની છતાં પણ વિશાળ વાંચન પ્રતાપે તે વીચારમાં પ્રૌઢ બની સુવિચારોનેજ પસંદ કરતાં હતાં અને અવકાશના વખતમાં નિરૂદ્યમી રહી અન્ય સ્ત્રીઓની માફક પારકી નિન્દામાં પ્રવૃત્તિ કરવાને બદલે ગૃહ કાર્યમાં, ભરવા—ગુંથવા કે સીવવામાં, સારાં સારાં પુસ્તકોના કરેલ સંગ્રહદ્વારા પોતાની અશિક્ષિત બ્હેનોને શિખામણ આપવામાં ત્હેણીનો વખત જતો. ગૃહ મન્દિરને અલૌકિક આનન્દ આપવાવાળું અનુભવતાં દમ્પતિના આનન્દનો માત્ર ૫—૬ વર્ષના અલ્પ સહવાસમાંજ અંત

આવ્યો. પતિપ્રેમ પાસમાં પવિત્ર પ્રેમની સજ્જડ ગ્રંથિથી જોડાએલાં જેકોરબાઇનો ફક્ત અઢાર વર્ષમાં—પૂર્ણ યુવાવસ્થામાં સને ૧૯૧૩ ના ઓગષ્ટ માસની ૩૦ મી તારીખે સ્વર્ગવાસ થયો. ઘરભંગ સમાન આ દુનિયામાં પુરૂષને અન્ય વિશેષ ઉપાધિરૂપ લાગતું નથી. એક સુપત્ની કે જે પોતાની હયાતીમાં પોતાના પતિને કોઇના ઓશિયાળા થવા દેતી નથી, પોતે આજારી હોય તો પણ શ્રમ વેઠીને પતિની દરેક સગવડ સાચવવા પ્રાણાન્ત પર્યન્ત પ્રયત્નશીળ રહે છે તે મંગળમૂર્તિ જતાંજ તેનો પતિ સર્વનો ઓશિયાળો થાય છે, કદિ નહિ બોલાવ્યાં હોય તેવાં કુટુમ્બીઓની ગરજ તેને ભોગવવી પડે છે અને દરેક જણની મરજી સાચવવા તેને ઘસાવું પડે છે ગૃહિણી વિનાનું ઘર અનેક વૈભવ છતાં તેને શૂન્ય જેવું લાગે છે અને તેને કોઈ સ્થળે ચેન પડતું નથી, તેમાં 'પતિ સુખ એજ જેનું સ્વર્ગ' એવી ઉચ્ચ ભાવનાવાળી પત્નીનો વિયોગ થતાં શી સ્થિતિ થતી હશે તે અનુભવીજ જાણી શકે છે. રા. જેકીશનદાસભાઇને પોતાની પૂર્વ સ્થિતિનું સ્મરણ થતાં બહુ લાગી આવે એ વાસ્તવિક છે, પરંતુ મનુષ્ય જીવનજ સુખ દુઃખ મિશ્રિત બનેલું છે તો સુખ દુઃખાદિનો નિયમિત ફેરફાર શી રીતે મટી શકે! સૌ. જેકોરબાઇનું ટુંક જીવન ચારિત્ર પણ સત્ય પ્રેમનું સ્મરણ કરાવે છે. આ સ્વર્ગસ્થ સન્નારીનાં આત્માને નિવૃત્તિ ઇચ્છતાં તેના ઉચ્ચ વિચાર અને ઉમદા વર્તણુકનો વારસો તેના એકનાએક બાળ પુત્રને મળો અને તે દીર્ઘાયુ બની સંસારનાં સર્વોત્તમ સુખ ભોગવવા ભાગ્યશાળી બનો એજ પ્રાર્થના!

નારીઓનું નિત્ય વાંચન.

(દોહરો.)

નિત્ય વાંચન વાંચીને. સ્ત્રી મન નિર્મળ થાય;
બુદ્ધિ વિકાસ બહોળો થઈ, કુટુમ્બ કલહ સૌ જાય.

પુત્રી, ભગિની અને નણંદ તરીકેનું કર્ત્તવ્ય.

ત્હમને પાળી પોષી મ્હોટાં કરનાર, ત્હમારા બચપણમાં અનેક રીતે લાડ લડાવનાર, ત્હમને જરા પણ માંદાં જોઇ ઘેલાં ઘેલાં થઇ જનાર, ત્હમારાં સુખ માટે પોતાનાં સર્વ સુખને વેગળાં કરનાર, ત્હમારી અજ્ઞાનતા વાળી નિરાધાર સ્થિતિમાં પૂર્ણ સંભાળ લેનાર ત્હમને છાજતી કેળવણી આપી શુશિક્ષિત બનાવનાર અને ત્હમે લાયક ઉમ્મરનાં થતાં ત્હમારા લાયક પતિને સ્વાધીન કરનાર ત્હમારાં 'માત પિતા' ના મહાન્ આભારોને કદી પણ ન ભૂલતાં તેઓની કીર્તિમાં વૃદ્ધિ થાય એજ રીતિએ અનુસરવું એજ કુલીન પુત્રીનું કર્ત્તવ્ય છે.

જેમ શ્વસુરગૃહે (સાસરે) નણંદનાં માર્મિક વચનોથી અને હુંકારા તુંકારાથી ત્હમને ઘણું ખોટું લાગે તેમ મહિયેરમાં ભાભીને ત્હમારી આવી અછાજતી વર્ત્તણુંકથી ઘણુંજ ખોટું લાગેજ એમ સારી રીતે સમજી પોતાનાં ભાઇ ભોજાઇ સાથે સ્નેહથી વર્તવું અને અટકે સટકે જરૂરિત પ્રસંગે તેઓને ત્હમારાથી બનતી મદદ આપવી જેથી ભોજાઇ ખુશી રહેવા સાથે ત્હમારો ભાઇ પણ ત્હમારા પર વિશેષ બન્ધુભાવ બતાવતો રહે.

---:o:---

વધૂ તરીકેનું કર્ત્તવ્ય.

માબાપની શીખામણથી સંસ્કાર પામેલી બાળાઓને પોતાની આવડત કે અણઆવડત બતાવવાનો સમય સાસરવાસામાંજ આવે છે કેમકે પીયરમાં જ્યારે ત્હમારાથી થતી ભૂલોને નજીવી ગણી અથવા લાડને લઇ એ ભૂલો તરફ બિલકુલ અલક્ષ્ય રાખી ત્હમારાં માતપિતા ચલાવે જાય છે ત્યારે સાસરામાં વધૂ તરીકે આવનાર બાળા એ નવા ઘરના રીત રિવાજથી કેવળ અજ્ઞાન હોયજ એમ જાણવા છતાં સાસરિયાં સમયોચિત સલાહ અને શિખામણથી સુધારી લેવાને બદલે ઘણે ભાગે હેરણાં હૈયાં કરે છે; સુખ, દુઃખ, શ્રમ કે આરામ કંઇનો વિચાર ન લાવતાં નવોઢાએ આ નવા ઘરમાં (સાસરે) બહુ સંભાળથી રહેવાની શરૂઆત કરવી એજ આખરે સુખકર છે, માટે શ્રીમંત પિતાની પુત્રી હોય તો પણ ત્હેણે નિર્ધન સાસરામાં પીયરના પૈસાનો જરા પણ મદ બતાવ્યા વિના પોતાનાં સાસરાની સ્થિતિ પ્રમાણે નિર્ધનજ દેખાવું જોઇએ, અર્થાત્ પોતાનાં સાસરાંના ઘરની હાલત પ્રમાણેજ વર્તન રાખવું ઉચિત છે. વળી સાસરામાં પ્રવેશતી વહૂએ સર્વ સાસરવેલ સાથે સલાહ સંપથી વર્તવું, તેમ સાસરે પોતાને છુટ મળે તેનો વખાણ પાત્ર કામોમાં ઉપયોગ કરવો કે જેથી ઉત્તમ પ્રકારનું સુખ પામી શકાય છે. પોતાને ભાગે આવતું ઘરકામ હોંશ અને ચપળતાથી કરે જવું. એ તો નક્કી સમજવું કે જે માણસ કામગારૂં હોય છે તે ઘરનાં દરેક માણસને પ્રિય થઇ પડે છે

પતિનાં જન્મદાતા-ત્હેને પાળીપોષી ભણાવી ગણાવી હુશિયાર કરવા તન મન અને ધનથી પ્રયત્ન કરનાર અને તેનું અંતઃકરણથી

શુભ ઇચ્છનાર "**સાસુ સસરા**"ને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે 'ધર્મના માબાપ' ગણી તેઓના શુભાશીર્વાદને પાત્ર થવું.

સૌભાગ્યવતી સ્ત્રીએ જે કંઇ પણ સત્કર્મો કરવાં તે પોતના પતિની આજ્ઞા લઇનેજ કરવાં એમ ધર્મ ગ્રંથોનું પણ કહેવું છે. સુવાસિની સ્ત્રીઓને જગત્‌માં બીજો કોઇ દેવ નથી. ત્હેનું સર્વમાન અને શોભા ત્હેના પતિનેજ લઇને છે. સ્ત્રીને પતિ તે ઇષ્ટદેવ છે, માટે પોતાના પતિની પ્રસન્નતારૂપ પુણ્ય સ્થળનું પ્રેમથી સેવન કરવાથી સ્ત્રી , જેવી પવિત્ર થાય છે, તેવી પતિ આજ્ઞાનું ઉલ્લંઘન કરી ઘણાં દાન દેવાથી, ઉપવાસો કર્યાથી કે ભાઇડાઓની ભીડવાળાં મન્દિરોમાં ભટકવાથી પવિત્ર થતી નથી. માટે દરેક સત્કર્મો પતિ આજ્ઞાને આધીન રહીનેજ કરવાં. જગત્‌માં પતિજ પત્નીનું સર્વસ્વ છે, માટે પત્નીએ પતિની મરજી સાચવતાં શીખવું એ જરૂરનું છે, જે પવિત્ર મનની, ડાહી, પતિવ્રતા, પ્રતિપ્રેમી, અને સત્યશીલ હોય ત્હેનું નામજ **સુભાર્યા 'ઉત્તમ ધર્મ પત્ની'** કહેવાય છે અને જે સ્ત્રી કાયાથી વચનથી તથા મનથી નિયમિત રહીને લગ્ન વખતે લેવાયલી પ્રતિજ્ઞાઓનું પાલન કરતી રહે છે તે **'સાધ્વી સ્ત્રી'** ગણાય છે. માટે આવું ઉચ્ચ પદ પ્રાપ્ત કરવા પતિ હૃદય સાથે પોતાનું હૃદય એવું એક રૂપ કરી રાખવું કે દરેક પ્રસંગે 'પતિને અનુકૂળ' તે પોતાને 'અનુકૂળ' અને પતિને 'પ્રતિકૂળ' તે પોતાને 'પ્રતિકૂળ' લાગે.

પુરૂષ પોતાનાં સુખદુઃખની સઘળી વાતો પોતાની સ્ત્રી પાસે કરે છે તો પતિએ છાની રાખવા જેવી કહેલી વાત કદી પણ કોઇને કહેવી નહિ પતિએ કહેલી વાત પત્નીના પેટમાં રહી ન શકે તો એથી કોઇ વખતે પતિને અતી વિપત્તિમાં આવવું પડેજ. વળી પતિનો વિ-

શ્વાસઘાત કરવો એ મહા પાપ છે. માટે દિવસે દિવસે પતિનો વિશ્વાસ પોતાપર વધે એવું વર્ત્તન રાખતાં પોતાનું એકે કૃત્ય પતિથી છુપું રાખવું નહિ.

કમનસીબથી અથવા તો પતિ સારૂં કમાતો હોય છતાં પણ ત્હેનાપર વડીલોના પેઢી દર પેઢી ચાલ્યા આવતા કરજથી પતિ ગરીબી ભોગવતો હોય તો પણ એ માટે તુચ્છ વિચાર લાવી પતિ પરનો પોતાનો પ્રેમ ઓછો કરવો એ સુપત્નિનો ધર્મ નથી, નીતિની રીતિએ ચાલતાં પણ પતિ ગરીબી ભોગવે એમાં શરમાવું કે સંકોચાવું શા માટે જોઇએ ? નહિજ !

સ્ત્રીઓ કે જેઓનો પતિ તરફ ભાવ ઓછો હોય તેવી સ્ત્રીઓની સોબતથી–નિત્યની વાતચિતથી પોતાનું મન પણ જો નબળું હોય છે તો પતિ તરફ સેહેજ વાતમાં ઓછી પ્રીતિવાળું થઇ જાય છે. માટે પતિ તરફ ઓછા ભાવવાળી તથા ઠારી અને નિર્લજ સ્ત્રીઓથી હમેશાં દૂરજ રહેવું શ્રેયકર છે.

પત્નિએ બહુજ શાન્ત સ્વભાવથી રહેવું જરૂરનું છે કેમકે સં-સારવ્હેવારમાં પતિપત્નિ વચ્ચે મતભેદના ઘણા પ્રસંગો આવ્યા કરે છે. કોઇ વખત ત્હમારો પતિ, ત્હમારી ભૂલ નથી એમ તમે ખાત્રીથી માનતાં હો છતાં ખીજી જાય તો પણ એવે વખતે સ્હામાં તપી ન જતાં ખરી હકીકત વિનયથી કહી દેવી અને કદાચ એવો વખત ત્હમને લાગે કે વિનયથી કહેતાં પણ ત્હમારો પતિ વિશેષ રોષે ભરાય તેમ છે તો એવા કટાકટીના પ્રસંગે મૌન્ય રહેવું અને પતિનો રોષ જ્યારે સમાઇ જાય ત્યારે થયેલ ભૂલમાં ત્હમારો પોતાનો જરાપણ હાથ ન-

હોતો અગર તો જો ત્હમારાથી ભૂલ થઇ હોય તો 'હવેથી એવી ભૂલ કદી નહિ કરૂં એમ ક્ષમા માગતાં કહી દેવું કે જેથી પતિહ્દયમાં રહેલો શેષ ગુસ્સો પણ સમી જશે.

ત્હમારો પતિ ચ્હાય તો તે ત્હમારા કરતાં વિશેષ બાળક કે વિશેષ વૃદ્ધ હોય તેથી, અથવા તો ત્હમારા કરતાં રંગરૂપમાં ન્યૂનતા-વાળો દેખાતો હોય તેથી અથવા તો કંઇ ખોટવાળો હોય તેથી અથવા તો હીણકમાઉ હોય તેથી અથવા તો યોગ્ય છતાં નબળા મનનો હોય તેથી ત્હામારા આધીન રહી કહ્યા અક્ષરો કરે જતો હોય તો પણ ત્હમારો પતિ ' ત્હમારેજ આધીન છે–ત્હમે કહો એટલુંજ કરનારો છે ' એવું એવું બહાર બકતાં રહી પતિની પદવીને ઉતારી પાડવી ન જોઇએ.

ત્હમે જ્યારે ઘર આગળ કંઈ પણ ઉપાધી વગર સંતોષમાં સહીસલામત રહો છો ત્યારે શિયાળામાં પડતી સખ્ત ઠંડી, ઉન્હાળામાં પડતો સખ્ત તાપ, અને વર્ષાઋતુમાં વરસતા પુષ્કળ વરસાદમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે ત્હમારો પતિ પરદેશમાં જઇ રહે છે એ બધું ત્હમારા માટેજ છે એ બાબત ઉપર લાંબી નજરથી જોતાં રહેવું, અર્થાત્ પતિ પરદેશ હોય તો ત્હેણે જુદાં પડતી વખતે કરેલી આજ્ઞા અનુસારજ ત્હમારૂં વર્ત્તન રાખવું અને પતિની ઘર આગળની ગેરહાજરીનો અયોગ્ય લાભ લઇ સ્વતંત્ર નજ થવું. પતિ ગેરહાજરીમાં શરીરનો વગર જરૂરનો શણગાર, રમતગમત, આ ઘેર તે ઘેર રખડવું દેવદર્શનને બ્હાને આથડવું, નિર્લજ્જ સખીઓ કરી એમની સાથે ઠઠ્ઠા મશ્કરીઓ–સ્વચ્છંદ હાસ્યવિનોદ કરવો, આવી આવી ન છાજતી અને સ્ત્રીજાતિનું ભૂષણ જે શીયળ તેને દુષણ દેનારી બધી બાબતોનો ત્યાગ

કરવો. પોતાનો પતિ પરદેશમાં હોય ત્યારે સૌભાગ્ય સૂચવનારાં આભૂષણોજ પહેરી રાખવાં બસ છે કેમકે ખરી પતિપ્રેમી સ્ત્રી તો નક્કી સમજે છે કે સામટા દાગીનાઓ કે કિંમતી વસ્ત્રાભુષણો ધારણ કરવાં એતો પતિનેજ બતાવી રીઝવવા માટે છે કંઇ દુનિયાને બતાવી રીઝવવાને નથી. વળી મ્હોટેરાંના સહવાસમાં રહીને, સદાચરણ, સત્ય, નીતિનાં પુસ્તકોનું વાંચન, પતિઆજ્ઞાઓનું પાલન અને ત્હેના શુભ માટે સૌભાગ્ય વ્રતો કરવાં મતલબ પતિ પરદેશથી ઘેર આવે ત્યારે ત્હેના મનમાં ત્હમારા પર અણગમો કે અવિશ્વાસ ઉત્પન્ન થવા નજ પામે એવી રીતે કુળ-મર્યાદાને વળગી રહી પતિગેરહાજરીમાં રહેવું.

ઘરમાંના પુરૂષવર્ગ નોકર સાથે બેસવા, ઉઠવા કે મ્હોં મલકાવી વાતચિત કરવાની ટેવ સદ્ગુણી જનોની નજરમાં ધિક્કારપાત્ર બનાવે છે. વળી આવી ટેવ પતિના જોવામાં આવે છે તોપણ નક્કી નારાજ થાયજ. માટે પોતાના પતિનું મન જેથી ભ્રાન્તિ ન પામે તેવુંજ સારૂં વર્તન રાખવું.

શીયળ એ સ્ત્રીનો સાચો શણગાર છે માટે એ શણગારને કદી પણ અનીતિરૂપી ઝેરી કાટ લાગવા ન દેતાં તેનું (શીયળનું) પોતાના જીવ કરતાં પણ અધિક રક્ષણ કરવું.

ત્હમે સાવકી માતા કહેવાતાં હો તો શોકયનાં બાળક અને ત્હમારાં પોતાના બાળકમાં ફેર ગણીને એ અબોલ અને નિરાધાર બાળકને કનડગત કરી ક્ષણેક્ષણે આંસુડાંઓ પડાવી નિશ્વાસો નંખાવી તેના અંતઃકરણની ઊંડી હાય કદી લેતાં નહિ, કેમ કે આવાં અબોલ અને ઉપરાણાં વગરનાં નિરાધાર બાળકની હાય કદી સુખી થવા દેશે નહિ. વળી જો ત્હમારી જીંદગી ટુંકી હોય અને ત્હમારાં બાળકને

પણ પછી સાવકી માતાના તાબામાં રહેવાનું થાય તો ત્હમારા આગલાં કૃત્યોનાં બદલા તરીકે ત્હમારા બાળકને તો ખરાબ ફળ ભોગવવુંજ પડે એ વિચાર હમેશાં રાખી શોકયનાં સંતાનોને કદી દુઃખ દેવું નહિ કે જેથી જગત્ પિતા પણ રાજી રહે.

પોતાના પતિને પ્રાણથી વધારે પ્રિય ગણી, ત્હેનેજ આધીન રહી, સદાચરણથી ચાલી નિષ્કલંક રહી '**સુપત્ની**' ની શ્રેષ્ઠ પદવી પ્રાપ્ત કરવા 'સદ્‌ગુણીજ' થવું એમાંજ પરમેશ્વર રાજી છે અને એજ આખરે મનવાંચ્છિત સુખની પ્રાપ્તિ કરાવનાર છે.

ગૃહિણી તરીકેનું કર્ત્તવ્ય.

રાત્રે વહેલાં સુઈ સવારમાં વહેલાં ઊઠી મંગળ પદાર્થો જોવા. નિર્મળ જળથી સારી રીતે શરીરને ચોળી ન્હાઇ સ્વચ્છ થઈ, શક્તિ અનુસાર મળેલાં પણ સ્વચ્છ વસ્ત્રો પ્હેરી, ચોટલો ઓળી, કપાળમાં કુંકુમનો ચંદ્રક (ચાંલ્લો) કરી તૈયાર થઈ નિત્ય ખરા મનથી અને પવિત્ર હૃદયથી ઇષ્ટદેવનું સ્મરણ કરવું, પતિ ઊઠતાં ત્હેનું મુખ જોવું, અને ત્હેને (પતિને) જોઇતાં સાધનો પુરાં પાડી પછી ઘરકામમાં લાગવું એ ગૃહિણીનું પહેલું કર્ત્તવ્ય છે.

સુઘડતા, નિયમસર કામ કરવાનો મહાવરો, કર્ત્તવ્યદક્ષતા, (ચતુરાઈ) વગેરે ગુણોથી ગૃહિણી શોભે છે. જેમ પડી રહેલું લોઢું કાટથી ખવાય છે તેમ શરીર આલસ્ય (સુસ્તી)થી ખવાય છે. માટે શરીરસમ્પતિ જેની સારી હોય તેવી આરોગ્ય અને લઠ સ્ત્રીઓએ પછી પોતે શ્રીમંત હોય કે ગરીબ હોય તોપણ ઘરકામમાં મચ્યા

રહેવું જોઇએ, ઘરમાં દાણાદુણી, કપડાંલત્તાં, રાચરચીલું, ઇત્યાદિ, બિલકુલ બગડવા ન દેતાં સાચવવાવાળાં થવું. કેમકે ગૃહિણી માથે રહેલી જવાબદારી માંહેલી એ એક મ્હોટી જવાબદારીછે. વળી પુરૂષ કરતાં સ્ત્રીને ઘણો વખત ઘરમાંજ રહેવાનું હોય છે એટલા માટે પણ ઘરની વ્યવસ્થા રાખવી-રખાવવી તથા ઘરની દરેક ચીજ સાચ વવી-સંભાળવી એ સ્ત્રીનુંજ કામછે. ઘરની સ્ત્રીએ ઘરની દરેક ચીજ માટે તેને લાયક જગ્યો ચોક્કસ કરી મેલવી એટલે જે ચીજની જરૂર પડે એ સોધવી પડે નહિ. જે સ્ત્રી આવી ગોઠવણ કરી રાખતી નથી તેને સુંડલી શોધતાં સૂપડી હાથ આવે છે. આવી આવી દરેક વસ્તુ-માં થતી ઉલટસુલટ ઘરમાં રહેતી અવ્યવસ્થાનું પરિણામ છે. જેથી વખત નકામો ન જાય એટલા માટે ઉપર કહ્યા પ્રમાણે ઘરની દરેક ચીજને યોગ્ય એકેક જગ્યો મુકરર કરી રાખવી અને લીધેલી વસ્તુનો ઉપયોગ થઇ રહ્યા પછી એ માટે નક્કી કરેલી જગ્યોએજ પાછી મૂકવી.

પોતાને ત્યાં ન હોય એવી ચીજ કોઇને ઘેર જોવામાં આવે તો એ લેવા માટે પોતાના પતિ પાસે હઠ લેવી ન જોઇએ હઠથી અનેક ખરાબ પરિણામો આવે છે. સતી સીતાને પોતાનાજ હઠથી લાંબો વખત પતિ વિયોગ વેઠવો પડ્યો હતો એ વાત સર્વ આર્ય મહિલાઓના જાણવામાં છે. માટે કોઇ પણ વાતની હઠ ન લેતાં ઇશ્વરે જે સ્થિતિ આપી હોય એમાં રાજી રહેતાં પોતાથી પણ નબળી સ્થિતિવાળાં મનુષ્યનાં દૃષ્ટાંતો લઇ સંતુષ્ટ રહેવું. ગૃહિણીએ જેમ બને તેમ પોતાના સ્વામીને ખર્ચમાં ભારે ન પડે એવાં આછાઇ ન કહેવાય એવાં, ઋતુને અનુસરે એવાં લૂગડાંની પસંદગી કરવી જોઇએ, પતિની પ્રેમ પૂર્ણ મીઠ્ઠી નજરના આનંદ કરતાં ઘરેણાં વસ્ત્રોને વધારે સુખ-દાયક માનનાર સ્ત્રી પોતાના પતિને સુખરૂપ થવા નહિ પણ એક

જખરી જંજાળ (લફરાં) રૂપ થવા પરણી છે એમ કહેવું એ ખોટું નથી. તો પતિને સુગમ પડે તેવુંજ વર્ત્તન રાખવું એ સ્ત્રીનો ધર્મ છે. વળી જે શરીર સ્વચ્છ નથી તેનાપર ગમે એટલાં અને એવાં વસ્ત્રાભૂષણ પ્હેરવામાં આવે તો પણ તે ગંદા-મેલાં ચીંથરાંની બનાવેલી એક ઢીંગલી પર શણગાર કરવા જેવું છે. માટે શરીરની સ્વચ્છતા વગર બહારની ટાપટીપ કેવળ નકામી છે. સ્વચ્છ શરીર સાદાં લૂગડાંને પણ શોભા આપે છે. તો સ્વચ્છતાનાં પ્રથમ શોખીન થવું કે જેથી પોતાનું શરીર પણ સારૂં રહે. નિયમિત રીતે અને ચોકસ હદ સુધીજ દરેક ઘરકામ કરવાની ટેવ પણ શરીર સારૂં રાખવામાં ઉપયોગી થઇ પડે છે. વળી આનંદી સ્વભાવ અને મનની શાન્તિ એ તન્દુરસ્તીના પ્રબળ તત્ત્વો છે, મનુષ્ય જીંદગીમાં મંદવાડ તો કોઇ કોઇ વખત આવે છેજ તો એવે વખતે શરમને તાબે રહી પોતાને થયેલું કોઇ દરદ નહિ જણાવવાથી વખત જતાં વ્યાધિના વધવાથી જીંદગી જોખમમાં આવી પડે છે. તો શરીર સંરક્ષણ માટે ગેરવ્યાજબી શરમાળપણું દૂર કરવું એ ખાસ જરૂરનું છે.

સત્સંગથી ઉત્તમ જ્ઞાન મળે છે એ યાદ રાખી સોબત સારીજ રાખવી. આડોશી પાડોશીની ઘરકામ જેમ તેમ ઝટ આટોપી દઈ સ્હામ સ્હામે ઓટલે બેસતી નવરી સ્ત્રીઓમાં મળી જઇ પરાઇ ખણખોદમાં સામીલ થવાને બદલે સ્ત્રી ઉપયોગી નીતિનાં પુસ્તકો વાંચવામાં બાળકો હોય તો વય પ્રમાણે ત્હેમને સંભાળવા શીખવવામાં અગર તો સીવવા ભરવામાં પોતાના નવરાસના વખતને રોકવો એજ ઉત્તમ છે. જ્યાં જેનું વખતો વખત જવું આવવું થાય છે ત્યાં તેનો સત્કાર બીલકુલ થતો નથી, વળી બહુ રખડ

રખડ કરનારી સ્ત્રી અમર્યાદમાં ગણાય છે અને નવરા લોકની સાચી ખોટી વાતોનો વિષય પણ એવી ટેવ વાળી સ્ત્રી બને છે. માટે જરૂર પડે ત્યાંજ જવું. જે સ્ત્રી સ્વરૂપવાન સાથે સદાચરણી હશે ત્હેની શોભા બમણી થશે. હરકોઇ ટેવ પોતાને આધીન બનાવે એ કરતાં એ ટેવનેજ આધીન રાખવી એટલે કે એ વગર ખુશીથી ચાલે આથી ત્હમે ઘણી સ્વતંત્રતા અનુભવી શકશો.

દયારૂપી કુંચીથીજ દુઃખીનાં હૃદય ખોલી શકાય છે, અર્થાત્ દુઃખી જનોનું દુઃખ તેઓ તરફ દયા બતાવવાથીજ ઓછું થાય છે. માટે સદાચરણી છતાં કુદરતની અકૃપાથી દુઃખી થતાંને વધારે દુઃખ દઇ 'દાઝયા ઉપર ડામ' તથા 'પડયા ઉપર પાટુ' એવાં વર્તન ચલાવનારાં ન થવું જોઇએ. એક બીજાની ઇર્ષા કરવા કરતાં એક બીજાને બનતો આશ્રય આપવો એમાંજ કલ્યાણ છે.

પોતાને ઘેર આવેલાં મેમાનનો યોગ્ય સત્કાર કરવો એ દરેક ગૃહસ્થ ઘરનો ધર્મ છે, મતલબ પોતાને ત્યાં મેમાન તરીકે આવેલ માણસ કંઇ નારાજ ન થાય એવો સત્કાર કરવા કાળજીવાળા રહેવું.

રસોઇનાં અને ઘરનાં દરેક કામ ઉપર ગૃહિણીએ જાતેજ દેખરેખ રાખવી કે જેથી છોકરાં અને નોકર—ચાકર પણ સાવચેતીથી રહેતાં શીખે.

માતાતરીકેનું કર્ત્તવ્ય.

પૈસાદાર કે ગરીબ ઘર જ્યાં પુત્રમાફક પુત્રીને જોઇતી વિદ્યા અને ગૃહવ્હેવારને ઉપયોગી થઇ પડે એવી કેળવણી તરફ લક્ષ અપાય છે એજ ઘર પ્રશંસા પાત્ર છે. પુત્રને ઉપયોગી થઇ પડે એવું શિક્ષણ આપવાનું કામ પિતાનું છે. પરન્તુ પુત્રીને ઉપયોગી થઇ પડે તેવું શિક્ષણ આપવાની ખાસ માતાની ફરજ છે. કેમકે સંસારમાં એવા અને એટલા બધા બારીક પ્રસંગો આવે છે કે જેમાં સ્ત્રી જાતને પોતાની આવડતનો ઉપયોગ કર્યા વગર ચાલતું નથી. આથી ઘરસંસાર ને લગતું જ્ઞાન તો અવશ્ય માતાએ પુત્રીને આપવું જોઇએ અને એ સાથે પુત્રીને નાનપણથી થોડું, સારૂં, શુદ્ધ, મધુર તથા વિવેક ભરેલું બોલતાં શીખવવું પણ જરૂરનું છે.

ઉત્તમ કુળ અને ગુણવાળાને પુત્રી દેવી અથવા પુત્ર માટે ઉત્તમ કુળવાળી ગુણવાન કન્યા શોધી સમ્બન્ધ કરવો એ દરેક સમજુ માતાનો ધર્મ છે. કેમકે ઉત્તમ કુળથી થતી પ્રજામાં પોતાના કુળની આબરૂ ટકાવી રાખવાનો ગુણ ઘણો ખરો રહે છે; પુત્રી માટે ત્હેનાથી ન્હાનો કે અતિ મ્હોટો (વૃદ્ધ)પતિ, તેમ પુરૂષ માટે ત્હેના કરતાં દોઢી મ્હોટી વહુ શોધવી ન જોઇએ. બાળલગ્નથી ઘણી હાની છે તેમાંપણ વય અને સ્વભાવ ન આવવાથી અનેક અનર્થ થવા પામે છે, દુષ્ટ બાળલગ્ન તથા વૃદ્ધ લગ્નના રિવાજે લોકોને પાયમાલ કરી નાંખ્યાં છે. જો બાવળનાં બી વાવી તેમાંથી મીઠી દ્રાક્ષ મળવાની આશા રખાય તોજ આવાં અયોગ્ય લગ્નથી સુખી થવાની આશા રાખી શકાય. માટેજ યોગ્યસમ્બન્ધ કરવો આત જરૂરનો છે.

પુત્રીનું સૌભાગ્ય દરેક સ્ત્રીએ ઇચ્છવું જોઇએ અને માતા પુત્રીનું ભલું ઇચ્છે એ નિઃસંશય છે. તોપણ “ રાંડ રાંડ ’ એવાં

અતિ અયોગ્ય કહેવાતાં વચનો બીજમાં પણ પુત્રીને કદી કહેવાં ન જોઇએ, પુત્રી ઉમ્મર લાયક થતાં પીયરમાં રહેવાની નથી એ દેખીતું છે તો જેટલો વખત એ મહિયેરમાં રહે એટલે વખત ત્હેને નીતિ વચનોથી શીખામણ દઇ આજ્ઞામાં રહેનારી બનાવવી જોઇએ, કે જેથી પોતાની પુત્રીની ભવિષ્યની પ્રજાને પણ એવો લાભ મળે.

સમજુ સ્ત્રીએ પુત્ર અને પુત્રવધૂ વચ્ચે તથા પુત્રી ત્હેનો પતિ અને બીજી સાસરવેડ વચ્ચે જેટલો વિરોધ જણાય એટલો દૂર કરવાને યુક્તિ અને શિખામણોથી એક બીજા ઉપર પ્રીતિ વધે એવાજ ઉપયો ટાગે લગાડવા જોઇએ, બાળકોને સુખ દેનાર ખરે રસ્તે દોરવાં એ માતાનું કર્તવ્ય છે.

સાસૂતરીકેનું કર્ત્તવ્ય.

પોતાના ઘરનો તથા કુળનો ઉદય ઇચ્છતી સાસૂઓએ ઘરમાં પ્રવેશતી નવી વહૂઓ તરફ માયાથી વર્ત્તવું જોઇએ. પોતાની પુત્રીઓ અને પુત્રવધૂઓ ઉપર સરખું વ્હાલ રાખી માંદેસાજે પણ સરખી સંભાળ રાખવી જોઇએ. વળી વહૂને યોગ્ય દબાણ સાથે કેટલીક જોઇતી વ્યાજબી સ્વતંત્રતા આપવામાં પણ ઉદાર થવું જોઇએ.

"આપ ઘેર બેટી પર ઘેર વહુ,
પર ઘેર બેટી આપ ઘેર વહુ."

આનો અર્થ બરાબર સમજાય તોજ ગૃહમન્દિર સુખનું અનૂપમ સ્થાન નિવડે. વળી બહુ ટોંકટોંક કરવાથી કે બહુ દાબ રાખવાથી વહૂ કંઇ સુધરી જતી કે કહ્યાગરી બનતી નથી, એથી કદાચ થોડો વખત

ઠીકઠાક રહે પણ ધીમે ધીમે સાસૂ તરફનો વહૂનો ભાવ ઓછો થવા સાથે ત્હેનું હૃદય કઠોર બનતું જાય છે. ટાંકટોંક અને દાબ રાખવાની આવી ટેવ અવિચારી સાસૂનેજ આખરે દુઃખ દેનારી થઇ પડે છે. માટે જો શરૂઆતથીજ વહૂને નરમાશથી કહેવા શીખવવામાં આવે તો વહૂ હોંશથી શીખે અને સાસૂ ઉપર પોતાની માતા જેટલું હેત રાખે. માટે સાસૂનો મોભો બરાબર જાળવવા ઇચ્છતી સ્ત્રીઓએ ઘરમાં આવતી નવી વહૂ તરફ અથવા પુત્રીની માતા હોય તો ત્હેણે પોતાના જમાઇ તરફ બહુ માયાથી વર્તી સમયોચિત્ત સૂચના અને સલાહથી સુધારી કળથી કામ લેવું એમાંજ લાભ છે.

વિધવા તરીકેનું કર્ત્તવ્ય.

કર્મના સંજોગોને લઇ હતભાગ્યે વૈધવ્ય પ્રાપ્ત થાય તો પણ પોતાના પતિના આત્માને શાન્તિ મળે તેમ સર્વદા નીતિવાળાં અને જિતેંદ્રિય (ઇંદ્રિયોને જીતનાર) રહીને જનસમૂહના કલ્યાણનાં કાર્યો કરવાં, પોતાથી બની શકે એટલી બાળિકાઓને સારો બોધ આપી કેળવવા પ્રયાસ કરવો. નિરાધાર અને માંદાં માણસોની બની શકતી નજર રાખવી. જેને પરિણામે સ્ત્રીઓનો ઉદય થવાનો લાગતો હોય તેવા શુભ પ્રયાસમાં ભાગ લઇ પોતાથી બનતી સહાયતા આપવી. ગરીબ અને અનાથ બાળકોનું રક્ષણ કરવું. સર્વત્ર ભગિનીભાવ દર્શાવવો. દુનિયાનાં માનસિક (મનસમ્બન્ધી) દુ:ખોને ગણકારવાં નહિ. પડતાં કષ્ટો ધૈર્ય રાખી સંતોષથી દૂર કરવાં, ઇશ્વરની ઇચ્છા સબળ છે માટે જે સ્થિતિમાં મૂકે તેવી સ્થિતિમાં પણ તેનું દૃઢ મનથી ધ્યાન ધરવું.

પાપી વિચારોને કોઇ દિવસ સાંભળવા કે મનમાં આવવા દેવા નહિ. અને ગમે એટલાં સંકટો આવી પડે તો પણ 'સ્ત્રી ધર્મ' મૂકવો નહિ. ત્હમારા આત્માને ઉન્નત બનાવો અને ત્હમારા જેવી સ્થિતિવાળી ત્હમારી બીજી બહેનોને ઉન્નતિના શિખરે ચઢાવો. આવા વર્તનમાં પડેલ અને પડતું દુઃખ સહન કરવા જેટલું આત્મબળ ત્હમારામાં પરમાત્મા આપશેજ. માટે પોતાની સર્વ વૃત્તિઓને ઇષ્ટદેવના ચરણમાં સ્થાપી પ્રાણાન્ત લગી પવિત્ર રહી અન્ય સ્ત્રીઓને દૃષ્ટાંતરૂપ થવું, શાસ્ત્રમાં કહેલા વિધવાના ધર્મ બરાબર પાળવાથી મનના વિકારો નાશ પામે છે, અને પોતાનું જીવન પરમાર્થમાંજ મચ્યું રહે છે. વિધવા ધર્મ બરાબર પાળનારી વિધવા પોતાની શેષ (બાકીની) જિન્દગી ઇષ્ટસ્મરણ અને પતિસ્મરણમાંજ ગાળી પોતાના પીડિત હૃદયને શાન્તિ મેળવે છે અને એવી નીતિવાળી થઇ રહે છે કે શીયળ કરતાં પ્રાણની કિંમત ઓછી માને છે. વિધવાઓ કે જેમણે પોતાની બ્હેનોના હિતાર્થે 'વનિતાવિશ્રામ' જેવાં ખાતાં કહાડયાં છે, અને એવાં ખાતાંઓને આબાદ કરવા તેઓ જે તનતૂટ મહેનત કરી રહ્યાં છે એનો વિચાર કરો! આ બધું તેઓ શાથી કરે છે? માત્ર પોતાની અન્ય બ્હેનોનું શ્રેય કરવાના શુભ હેતુથીજ, આવી ઉચ્ચ ભાવના દરેક વિધવાના મનમાં શક્તિ પ્રમાણે ઉત્પન્ન થવા પામે ત્યારેજ દુઃખી અબળાઓએ સુખની આશા રાખી શકાય.

વિધવાની નાઉમેદી પૂર્ણ છે—પ્રબળ છે તથાપી એ નાઉમેદીમાંથી—પૂર્ણ નાઉમેદીમાંથી ભવાબ્ધિમાં (સંસારસમુદ્રમાં) મનુષ્યજીવન નૌકાના તારણાર્થે પરમાર્થજ કામ લાગે છે.

પતિ કે જેણે પોતાની હયાતીમાં પોતે દુઃખ વેઠીને પણ ત્હમારી

પ્હેરવા ઓઢવાની હમેશની જીદ (હઠ) પૂરી પાડી ત્હમને અનનવાં લાડ લડાવ્યાં હોય, ત્હમને સંતોષવા માટેજ જેણે પરદેશમાં અસહ્ય કષ્ટો વેઠયાં હોય, ત્હમારી કોઇ વખતની બીમારીમાં સીમારહિત સમ્ભાળ લીધી હોય અને પ્રાણાન્તે પણ પોતાનું સર્વસ્વ ત્હમને ભળાવ્યું હોય એવા અનેક ઉપકારના કરનાર ત્હમારા પતિનું કદીપણ વિસ્મરણ ન કરતાં ત્હેની કીર્તિને ઉજ્વળ કરે એવી ઉચ્ચ નીતિ, પ્રશંસાનિય રહેણી તથા પારમાર્થિક વૃત્તિથી વિધવાઓએ સંસારમાં રહેવું જોઇએ.

આર્યાવર્તની બાળા, યુવતિ, પ્રૌઢા, વૃદ્ધા અને વિધવા એ દરેક સ્થિતિની સ્ત્રીઓ સદ્‌ગુણી બની યશસ્વી નિવડો એજ અભિલાષા પરમાત્મા પૂર્ણ કરો.

સમાપ્ત

શ્રીમંત વડોદરા સરકારે લાયબ્રેરી માટે મંજુર કરેલું :—

જ્ઞાન વચન.

(આવૃત્તિ ત્રીજી.)

વ્યવહારોપયોગી વિવિધ, ઉદ્યોગ વિદ્યા, સુખદુઃખ કરકસર, મોટ્ટુંમન, સખાવત, દયા, સત્ય, પ્રમાણિકપણું, મૂર્ખતા શેમાં ?, ખુશામત, ભલાઇ--ભૂંડાઈ, ચાલચલણ, રાજા, અધિકારી, પ્યાર, આશ્રયરહિત મનુષ્ય, ક્ષમા, નિન્દા, સમયનું ફળ, માતા પિતાની સેવા, સંતાપ, ગાયન, ખુબસુરતી, વાંચન, તન્દુરસ્તી, ઉત્તમતાનો હેતુ, સોબત, માતા પિતાએ ખાસ જાણવાજોગ, ખાસ સ્ત્રીયો માટે ઉપયોગી, વગેરે વગેરે માટે જુદા જુદા વિદ્વાનોનાં પુસ્તકોનાં ભિન્ન ભિન્ન બોધ વચનોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે, અને તેથી તે શ્રીમંતને સલાહકારક, દરિદ્રિને દિલાસારૂપ, આશા રહિતને આશારૂપ અને અધિકારીને મિત્રરૂપ થઇ પડે તેમ છે. જેથી **જ્ઞાનના એક લધુ ભંડારની** આ પુસ્તકને ઉપમા આપીએ તો આપી શકાય. મતલબ શ્રીમંત કે ગરીબ દરેકને કંઇ કંઇ તેમાંથી નીતિ જ્ઞાનનું નવું શીખવાનું મળે છે.

કિં. આના ચાર.

વી. પી. ખર્ચ જુદું.

સ્ત્રીઓનું ખાનગી વાંચન.

(સગર્ભા સ્ત્રીની સંભાલ વગેરે.)

આ પુસ્તકના **પ્રથમ ભાગમાં** કેટલાંક દરદો સ્ત્રીઓ શરમને તાબે રહીને શરૂઆતથી નહિ જણાવવાથી તેથી થતું નુકશાન અને **રજોદર્શન (અટકાવ)**નો ઉપયોગી વિષય લખવામાં આવ્યો છે. **બીજા ભાગમાં સગર્ભા સ્ત્રીની સંભાળ** વિષે અતિ વિસ્તારથી સરલ ભાષામાં લખવામાં આવ્યું છે. **ત્રીજા ભાગમાં—સ્ત્રીઓનાં સાધારણ દરદોના સામાન્ય દેશી ઉપાયો** લખવામાં આવ્યા છે. ટુંકામાં **રજસ્વલા** તથા **ગર્ભાવસ્થા** કે જેમાં **સ્ત્રીઓ** અનેક **વ્યાધિઓથી** પીડિત રહે છે તે **અવસ્થાની** શરૂઆતમાં દરેક સ્ત્રીએ આ સમજી શકાય તેવું લઘુ પુસ્તક વાંચવાથી ઘણો ફાયદો મેળવી શકાય તેમ છે. તથા **ગર્ભમાં જે બાળક હોય છે તેના ઉપર સુસંસ્કારની છાપ ગર્ભકાળે પાડવાની કેટલી બધી જરૂર** છે અને તેવા ખાસ પ્રસંગે લીધેલી સાવચેતી તથા સારા ઉપાયોની અસરથી **બાળકની ભાવી જિન્દગી** કેટલી બધી સુધરી જાય છે તે બાબત પણ સમજાય તેમ ખાસ લખવામાં આવી છે. મતલબ આ નાનાં પુસ્તકની અંદર **રજોદર્શનવાળી** તેમજ **ગર્ભવંતી** સ્ત્રીની શી શી સંભાળની જરૂર છે. તથા તે **અવસ્થામાં** કેવી રીતે વર્તવું જોઇએ અને **થતાં** સાધારણ દરદોના ઉપચાર શી રીતે કરવા જોઇએ તે બાબતો અતી ઉચ્ચગણાતા **વૈદક ગ્રંથોને** આધારે જણાવવામાં આવી છે. (ત્રણે ભાગ સાથે).

કીં. આના અઢી—વી. પી. ખર્ચ જુદું.

પોરબંદર સ્ટેટમાં નિશાળોમાં ઇનામ માટે
મંજુર કરેલું.

નારીઓનું નિત્ય વાંચન.

(૧૭ આવૃત્તિ.)

સ્ત્રીઓની સાંસારિક, માનસિક, નૈતિક, ધાર્મિક અને શારીરિક ઉન્નતિ થવા પામે અને ઘેર ઘેર સુલક્ષણી સુતાઓ, ભાવયુક્ત ભગિનિઓ, પવિત્ર અને પ્રેમાળ પત્નીઓ, વિવેકી વધુઓ, ગુણવાન ગૃહિણીઓ અને સુશીલ સ્ત્રીઓ નીવડી તેઓમાં સારા વિચાર ઉત્તમ બુદ્ધિનો વિકાસ કરે એજ આ પુસ્તકનો મહાન્ હેતુ છે. તો જેઓ પોતાની સ્ત્રીઓને, પુત્રીઓને, ભગિનીઓને પવિત્ર, સુશીલ, શ્રેષ્ઠ, કર્તવ્ય પરાયણ જોવા ઇચ્છતા હોય, સંસારનું સર્વોત્તમ સુખ સ્ત્રી જાતી તેમનો ઉદય ચાહતા હોય, તેવા દરેક સજ્જને ખાસ સ્ત્રીઓનાજ હિતાર્થે લખાયેલું આ અતિ સ્ત્રી ઉપયોગી લઘુ પુસ્તક ઘરમાં રાખવું જોઇએ.

કિં. આના બે,
વી. પી. ખર્ચ જુદું.

☞. ઉપર જણાવેલાં સર્વોપયોગી ચાર પુસ્તકો નીચેનાં બે પુસ્તકો ખરીદ કરનારનેજ ઉપર નીમેલી મૂદત લગીજ “ ભેટ ” મળશે.

મે૦ પબ્લિક ઈન્સ્ટ્રક્શનના ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકામાં પ્રાથમિક કન્યાશાળાઓ માટે ઈનામ તેમજ લાઇબ્રેરી માટે મંજુર કરેલું, તથા શ્રીમન્ત વડોદરા સરકારે શાળા લાયબ્રેરી તથા શાળાઓમાં ઈનામ ખાતે મંજુર કરેલું:—

સૌભાગ્ય શિક્ષાબ્ધિ

ભાગ પહેલો

(આવૃત્તિ ચોથી.)

સૌભાગ્ય શિક્ષાબ્ધિ પુસ્તકમાં આવતાં પ્રકરણો:— પ્રકરણ ૧ લું—બાળકના શરીર તરફ માતાએ પ્રથમથીજ ધ્યાન દેવાની જરૂર. પ્ર. ૨ જું:—માતાએ ઘરગતુ દેશી વૈદક ઉપાયો બાળકના હિત માટે જાણવાની જરૂર. પ્ર. ૩ જું:—પુત્રીઓને કેવા પ્રકારનું શિક્ષણ ઉપયોગી થાય ! પ્ર. ૪ થું—કન્યાવિક્રય એ પણ અસમાન લગ્નનો પોષક છે. પ્ર. ૫ મું—બાળલગ્નથી થતી હાણ. પ્ર ૬ ઠું—લગ્ન સંબંધે વિચારવા જેવી બાબતો. પ્ર. ૭ મું—કન્યા તરફથી લગ્ન વખતે લેવાતી પ્રતિજ્ઞાઓ (સપ્તપદી). પ્ર. ૮ મું—પત્ની ધર્મ-પત્નીની પતિ પ્રત્યે ફરજ. પ્ર. ૯ મું—પત્ની, પતિને કેવી રીતે પૂર્ણ વશ કરી શકે ! પ્ર. ૧૦ મું—સ્ત્રીને સાસરૂં શી રીતે સુખરૂપ થાય !

પ્ર. ૧૧ મું—પરણ્યા પછી પિયરીયાં તરફ કેવી રીતે વર્તવું જોઇએ!
પ્ર. ૧૨ મું—સાસરિયાંએ વહુ તરફ કેવું વર્તન રાખવું જોઇએ!
પ્ર. ૧૩ મું—સાભાગ્યવતી સ્ત્રીઓના વ્રત નિયમની સફળતા શાથી થાય!
પ્ર. ૧૪ મું—નીતિમય સંગીતથી સ્ત્રીના તનમન ઉપર થતી ઉમદા અસર.
પ્ર. ૧૫ મું—સ્વચ્છતા અથવા સુઘડતાનાં શાખીન થવાથી શરીરને થતા લાભ. પ્ર. ૧૬ મું—તરૂણીઓએ સહવારમાં વહેલાં ઉઠવાથી થતા ફાયદા.
પ્ર. ૧૭ મું—તરૂણીઓએ રાખવી જોઇતી ઉત્તમ ગૃહ વ્યવસ્થા.
પ્ર. ૧૮ મું—તરૂણીઓએ પાકશાસ્ત્રમાં પ્રવીણ થવાની જરૂર, તે પર આપવું જોઇતું ધ્યાન અને ખોરાક માટે રાખવી જોઇતી સંભાળ.
પ્ર. ૧૯ મું—આહાર વિહારમાં નિયમિત રહેવાથી મળતા લાભ.
પ્ર. ૨૦ મું—રજોદર્શન (અટકાવ) સગર્ભાવસ્થા અને સુવાવડના થતા જીવલેણ રોગો તરફ તરત ધ્યાન આપવાની જરૂર. પ્ર. ૨૧ મું—તરૂણીઓએ ઉદ્યમી થવાથી થતા લાભ; અવકાશને વખતે શું કરવું જોઇએ. પ્ર. ૨૨ મું—તરૂણીઓએ કરકસરથી રહેવાથી થતા ફાયદા: સંતોષ એજ ખરૂં સુખ. પ્ર. ૨૩ મું—દેણા (કરજ)થી વળતો દાટ.
પ્ર. ૨૪ મું—અનુકમ્પા (દયા)-પરોપકાર કરવો એજ પુણ્ય અને અવરને દુ:ખ દેવું એજ પાપ. પ્ર. ૨૫ મું—અપર માતાની પદવી ભોગવતી તરૂણીઓનું વર્તન કેવું જોઇએ! પ્ર. ૨૬ મું—પાડોશી તરીકે કર્ત્તવ્ય. પ્ર. ૨૭ મું—પરોણા (મેહેમાન) સત્કાર. પ્ર. ૨૮ મું—તરૂણીઓની ચાકર સાથેની વર્તણુંક. પ્ર. ૨૯ મું—તરૂણીઓનું પરપુરૂષ પ્રત્યેનું વર્તન. પ્ર. ૩૦ મું—કોઇપણ ટેવને અતિ આધીન થવાથી યુવતિઓની થતી કફોડી સ્થિતિ. પ્ર. ૩૧ મું—તરૂણીઓને રખડવાની

ટેવથી થતાં નુકશાન. પ્ર. ૩૨ મું—સારી નઠારી સોબત, તેની અસર અને પરિણામ. પ્ર. ૩૩ મું—સન્નારીઓની સભામાં ભાગ લેવાથી સ્ત્રીઓને થતા લાભ. પ્ર. ૩૪ મું—સ્ત્રીઓએ શું ! અને કેવી રીતે વાંચવું ! પ્ર. ૩૫ મું—કેટલાક અણઘટતા રીવાજો. પ્ર. ૩૬ મું—મંદવાડ સમયે સ્ત્રીની ઉપયોગીતા, અને દરદીની માવજત સંબંધે ખાસ લક્ષમાં રાખવા જેવી બાબતો. પ્ર. ૩૭ મું—સ્ત્રીની શ્રેષ્ટતા. પ્ર ૩૮ મું—સદ્‌વર્તની સુંદરીઓ માટે સાક્ષરોના મતો. (કુલીન કાન્તાઓની કિંમત આ એકજ પ્રકરણના વાંચનથી થઇ શકે તેમ છે.) પ્ર. ૩૯ મું—સુખદાયક શીખામણો (આ પ્રકરણનું ધ્યાનપૂર્વક વાંચન-મનન, શ્રીમન્ત કે ગરીબ દરેક સ્ત્રીને સુસખીરૂપ થઇ પડે તેમ છે) આ બધા મુખ્ય વિષયોમાં અનેક બીજી નાની નાની સ્ત્રીઉપયોગી બોધક બાબતોનો સમાવેશ થઇ જાય છે. ગુજરાતી સિવાય મરાઠી, હિન્દી ભાષામાં આ પુસ્તક છપાવવા માંગણી થઇ છે એજ તેની વિશેષ ઉપયોગીતાનો પૂરાવો છે. આ પુસ્તક ખરીદનારે " ચોથી આવૃત્તિ " હોય તેજ તપાસી ખરીદવા વિનંતિ છે.

કિં. રૂ. સવા,—વી. પી. ખર્ચ જુદું.

સ્ત્રી પુરૂષ બન્નેને ઉપયોગી નીતિ વાંચનનો ઝરો.

શ્રીમન્ત વડોદરા સરકારે શાળા લાયબ્રેરી ખાતે તથા શાળાઓમાં ઇનામ ખાતે મંજુર કરેલું:—

સૌભાગ્ય શિક્ષાબ્ધિ ભાગ બીજો-

(વાંચો) કાન્તા, કુમૂદ. કુસુમ, તારા, નર્મદા, નિર્મળા;

(તથા) પુષ્પા, બિન્દુ, લક્ષ્મી, સુનન્દા, સુલક્ષણા.

આ પુસ્તકમાં—દરેક કોમની ન્હાની કે મ્હોટી, શ્રીમન્ત કે ગરીબ, સર્વ સ્ત્રીઓને આરોગ્ય, નીતિ, જ્ઞાન, ગૃહ તથા સંસારવ્યવહાર વગેરે **ઉપયોગી અનેક બોધક બાબતોનો** સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી જેઓ પોતાની સ્ત્રીઓને, પુત્રીઓને, ભગિનીઓને, પવિત્ર, સુશીલ, શ્રેષ્ઠ, કર્ત્તવ્ય પરાયણ જોવા ઇચ્છતા હોય, સંસારનું સર્વોત્તમ સુખ—સ્ત્રી જાતિ—ત્હેમનો ઉદય ચહાતા હોય, સંસાર ઉચ્ચ અને સુખપૂર્ણ જોવાનો શુભ હેતુ ધરાવતા હોય, **સ્ત્રીઓને નીતિનું, ઘર સંસાર ચલાવવાની રીતિનું અને બચ્ચાંઓને કેળવણી આપવાનું પૂર્ણજ્ઞાન આપવા ઇચ્છતા હોય તેવા દરેક સજ્જને આ પુસ્તક ઘરમાં રાખવાની આવશ્યકતા છે. પૃષ્ટ લગભગ ૩૫૦.** (સુંદર કાગળ, સુંદર છપાઇ, સુશોભિત પુઠું) કિંમત રૂપિયો સવા, વી પી ખર્ચ જુદું. **અન્ય ભાષાઓના વિદ્વાનોએ 'સૌભાગ્ય શિક્ષાબ્ધિ' પુસ્તકનું ભાષાન્તર કરવાની કર્ત્તા પાસે પરવાનગી માગીછે, એજ એના અતિ ઉત્તમપણાની સાબીતી છે.**

ઉપરનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

(લેખક અને પ્રકાશક)

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ ટાઇપિસ્ટ,

રાજકોટ (કાઠીઆવાડ)

☞ગૃહદેવીની ઉ તિ એજ ગૃહમન્દિ
રની ઉન્નતિના પાયારૂપ છે તો બાળ
યુવતિ, પ્રૌઢા, વિધવા વગેરે દરેક વ
ર્ગની સ્ત્રીઓને ધર્મ, નીતિ તથા ગૃ
અને સંસારવ્હેવારનું ઉચ્ચ જ્ઞાન આ-
પવા જેને ઇચ્છા હોય તેવા દરેક સ-
જ્જને આ પુસ્તકના પાછળના ભા-
ગમાં જણાવેલાં ખાસ સ્ત્રીઓ માટેજ
લખાયેલાં સ્ત્રી ઉપયોગી ન તિનાં પુ-
સ્તકોનો ઉપયોગ અવશ્ય કરવો જો-
ઇએ.